મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૨ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ઈકો ફ્રેન્ડલી બેગ્સની માંગમાં વધારો

સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકાયા બાદ પેપર બેગની માંગ વધી ઉપરાંત કાપડની થેલીઓની ડિમાન્ડ પણ વધી

ગાંધીનગર, તા.૨૫

બેગ એટલે કે થેલીની જરૂરીયાત કોઈપણ પ્રકારની વસ્તુઓ ભરવા માટે પળે પળે આપણને પડતી હોય છે. છેલ્લા કેટલાક વર્ષોથી કપડાંની થેલીનું સ્થાન પ્લાસ્ટિકના ઝભલાઓએ લીધું છે. જેને પરિણામે પર્યાવરણ અને પ્રદુષણના અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. ત્યારે પુનઃઆપણે પારંપરિક થેલી કે બેગ તરફ વળવાની જરૂરીયાત ચોકકસપણે ઉભી થઈ છે. પ્લાસ્ટીકની બેગ ઉપર નિયંત્રણ લાદવામાં આવ્યું છે ત્યારે જનતા ઈકો ફ્રેન્ડલી બેગ તરફ વળી છે. ધીરેધીરે ઈકો ફ્રેન્ડલી બેગમાં વધારો થઈ રહયો છે. જાગૃત જનતા પ્લાસ્ટિકમુક્ત અભિયાનમાં સારો એવો સહકાર આપી રહી છે. શહેરમાં વેપારીઓ દ્વારા પણ ગ્રાહકોને હવે પ્લાસ્ટિકની થેલીઓ આપવામાં સંપૂર્ણ નકારો વર્તાઈ ગયો છે. ગ્રાહકો થેલી માંગે ત્યાં જ વેપારીઓ થેલી આપવાની મનાઈ કરતા જોવા મળી રહયા છે. અથવા તો જે યોગ્ય બેગ આપી શકાય તેવી જ ઉપયોગમાં લઈ રહયા છે. પ્લાસ્ટિક મુક્ત અભિયાનમાં સમગ્ર જનતાનો સહકાર રહેતા હવે ઈકો ફ્રેન્ડલી બેગ અને કાપડની બેગની ડિમાન્ડમાં વધારો થયો છે. જેમાં ગૃહિણીઓ તો ઘરે જ પોતાની મનપસંદ બેગ તૈયાર કરી રહી છે. તેમાં વિવિધ કલાત્મક પ્રિન્ટીંગ ડિઝાઈન, કોડી, મોતી, કલર કાપડનું આર્ટવર્ક ઉમેરી તેનું સુંદર થેલીમાં રૂપાંતરણ કરે છે. લંચ બોકસ અને પાણીની બોટલ માટેની કેરી બેગ, પર્સ, પાઉચ, શોપીંગ બેગ સહીતની વસ્તુઓ ઈકો ફ્રેન્ડલી થઈ ગઈ છે.

પ્લાસ્ટિકની થેલીઓનો નાશ થવામાં ૪૦૦થી હજાર વર્ષનો સમય લાગે છે અને તેથી પ્લાસ્ટિકના પ્રદુષણ સમસ્યાનું પ્રતિક બની ગયું છે. પ્રથમવાર પ્લાસ્ટિકની બેગ બનાવનાર સ્ટેન ગુસ્તાફના પરિવારને લાગે છે કે તેમણે લોકોની મદદ માટે આ શોધ કરી હતી પરંતુ તેઓ આજે જીવીત હોય તો પ્લાસ્ટિકથી સર્જાયેલા ખતરાને જોઈને દુખી થઈ ગયા હોત. અગાઉના સમયમાં લોકો કાગળની બેગનો ઉપયોગ કરતા હતા. સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધનો અમલ શરૂ થયા પછી ઈકો ફ્રેન્ડલી બેગ માટેની માંગમાં વધારો થયો છે. મોલ હોય કે નાની દુકાનો હોય ઈકો ફ્રેન્ડલી બેગ જોવા મળી રહી છે.

આપણે પર્યાવરણને અનુકુળ ઉત્પાદનો અપનાવવા તૈયાર છીએ એ જોવું ખરેખર આનંદદાયક છે. પરિણામે પ્લાસ્ટિકની બેગને બદલે ઈકો ફ્રેન્ડલી બેગની મોટી માંગ જોવા મળી રહી છે.

જન્મદિને વધામણી

હર્ષદ રૂપપરા
માહિતી મદદનીશ
મો. ૯૭૨૬૫ ૧૫૨૯૫

જાડેજા દિવ્યરાજસિંહ
ભૂપેન્દ્રસિંહ
મો. ૯૬૨૪૬ ૨૧૪૧૬

પ્રજાપતિ પારુલબેન
દિપકભાઈ

શિવાંશ ગૌરવ પોપટ

કિઆન ધર્મેશકુમાર
પરમાર

ટ્રાફિકના નિયમોનું પાલન કરવામાં સ્વયં શિસ્ત રાખીએ : માર્ગ સલામતી સત્તા મંડળ કમિશનર

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના સહયોગથી માર્ગ સલામતી નિરંતર જાગૃતિ અભિયાનનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૫

કમિશનર માર્ગ સલામતી સત્તા મંડળ શ્રી પાડલીયાએ જણાવ્યું છે કે, ટ્રાફિકના નિયમોનું પાલન કરવામાં સજાગપણે સ્વયંમ શિસ્ત રાખીએ, ટ્રાફિકના કોઈપણ નિયમનું ઉલ્લંઘન કરીએ નહીં.

આજે ગાંધીનગર માર્ગ સલામતી સત્તા મંડળની કચેરીએથી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ જિલ્લા પોલીસ તંત્ર અને માર્ગ સલામતી સત્તા મંડળના ઉપક્રમે માર્ગ સલામતી નિરંતર જાગૃતિ અભિયાનનો પ્રારંભ કરાવતા કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માત માનવીય ભૂલનું મુખ્ય કારણ છે. આપણે વાહન ચલાવતી વખતે સીટબેલ્ટ બાંધીએ. દ્વિચકીય વાહન વેળાએ હેલ્મેટ પહેરીએ અને વાહન ચલાવતા મોબાઈલનો ઉપયોગ ટાળીએ.

તેમણે કહ્યું કે બેફામ, બેદરકારીભર્યું અને હરીફાઈની ભાવનાથી કરાતું ડ્રાઈવિંગ અકસ્માત સર્જે છે. એક સર્વેક્ષણ અનુસાર ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદાવાળા વાહનચાલકોના અવસાન ગંભીર માર્ગ અકસ્માતમાં થાય છે. તેમણે વિકસિત દેશોની સરખામણીમાં વિકાસશીલ દેશોમાં થતા મૃત્યુનો આંક ઊંચો છે તેમ જણાવી અંદાજિત ૭,૫૦૦ વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન નહીં કરવાથી મૃત્યુને ભેટે છે તેમ પણ ઉમેર્યું હતું.

માર્ગ સલામતી સત્તા મંડળની રચના કરવામાં ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં બીજા નંબરનું રાજ્ય છે તેમ જણાવી ગાંધીનગર શહેર વસાહત મહામંડળને પ્રતિ વર્ષે આ નિરંતર જાગૃતિ અભિયાન ઉપાડવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પોલીસ તંત્ર ટ્રાફિક વિભાગના ડી.વાય.એસ.પી. ક્રિશ્ચિયન વસાહત મહામંડળ દ્વારા કરાયેલા વિવિધ સૂચનોના અમલીકરણ બાબતે ઘટતું કરવા જણાવી માર્ગ સલામતી જાળવણી માટે સૌને શપથ લેવડાવ્યા હતા.

પ્રારંભમાં ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે આવકાર પ્રવચન કરતાં ગાંધીનગર શહેરમાં માર્ગ સલામતી જાગૃતિ અભિયાન એ પ્રતિવર્ષ નિરંતર ચાલતું અભિયાન છે અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા સ્વૈચ્છિક સંસ્થાઓ સતત પ્રતિબદ્ધ છે તેમ ઉમેર્યું હતું. આ પ્રસંગે વર્ષ-૨૦૨૨ના માર્ગ સલામતિ નિરંતર જાગૃતિ અભિયાનની પત્રિકાનું વિમોચન કરી ઉપસ્થિતોને વિતરણ કરાઈ હતી.

શહેર વસાહત મહામંડળના મહામંત્રી સુધીરભાઈ દેસાઈ, સેવા મંત્રી કિશોરભાઈ જીકાદરા, કુડાસણ વિસ્તારના પ્રતિનિધિ પ્રદિપ સોલંકી, શ્રી શશિકાંત મોઢા, મંત્રી ભાનુભાઈ દવે, મિલેન્દુ વોરા, સેક્ટર-૭ વસાહત મંડળના પ્રમુખ જશવંત ગાંધી, સુનિલ શાહ, પોલીસ અધિકારી પી.સી. પટેલ, નારાયણસિહ સોલંકી સહિત વિવિધ સેકટરના જન પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા.

સમર્પણ આર્ટસ/કોમર્સ કોલેજ ખાતે વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સ્કુલ ઓફ લો, સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ તથા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ અને લાયોનેસ કલબ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે જેન્ડર ડીસ્ક્રીમીનેશન વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન અને વકતા તરીકે ડો.સ્મીતાબેન વ્યાસ-કોઓર્ડીનેટર, ડીપાર્ટમેન્ટ ઓફ લો, એચએનજીયુ, પાટણ હાજર રહયા હતા. લાયોનેસ કલબના સેક્રેટરી વિમલાબેન અયાગીએ સરળ ભાષામાં અને કાયદાકીય જોગવાઈઓ સાથે વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમમાં ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા અને કેમ્પસ રજીસ્ટ્રાર ડો.એમ.ડી.પાંડે, સમર્પણ લો કોલેજના પ્રિન્સીપાલ ડો.પી.કે.પંડ્યા, કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડો.દીપક પંડ્યા અને ડો.રાજી ડેનીસ તેમજ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ અને લાયોનેસ કલબના પ્રેસીડેન્ટ પ્રીતીબેન શર્મા અને અન્ય સભ્યો હાજર રહયા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડો.સતનામ તુટેજાએ કર્યું અને તો આભારવિધિ સુનિતા ચૌહાણે કરી હતી.

પર્યુષણ પર્વનું હાર્દ ક્ષમાપના છે : આચાર્ય પૂ.કલ્પયશસુરિજી મ.સા.

ગાંધીનગર, તા.૨૫

પર્યુષણ મહાપર્વ એટલે જૈનોનું મુખ્ય વાર્ષિક પર્વ. આ પર્વમાં અબાલવૃધ્ધ સૌનો અનેરો ઉત્સાહ સાથે આરાધનામાં જોડાય છે. આ પર્વનું હાર્દ ક્ષમાપના છે. આ પર્વના મુખ્યરૂપે આઠ દિવસ હોય છે જેમાં પાંચ કર્તવ્યનું પાલન કરવાનું હોય છે અને આ પાંચ કર્તવ્યોમાં પહેલું અમારિ-પ્રવર્તન એટલે કે અહિંસા, બીજું ચૈત્ય પરિયારી એટલે ક્રમશ : જૈન ચૈત્યોને જુહારવા, ત્રીજું અઠ્ઠયનો તપ એટલે કે ત્રણ ઉપવાસ કરવા, ચોથું ક્ષમાપન. જેમાં જગતના પ્રત્યે જીવો સાથે મૈત્રીના તાણાવાણા સાથે જોડાવું અને વેરના વળામણાં કરવા તેમજ પાંચમું સાધર્મિક વાત્સલ્ય કર્મવચનો સમાવેશ થાય છે તેવું સે-૨૨માં શ્રી જૈન મંદિર ખાતે ચાર્તુમાસ અર્થે બિરાજમાન પૂ.જગરચન્દ્ર સુરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન આચાર્ય કલ્પયશસુરિજી મ.સા.એ જણાવ્યું હતું. આ સાથે આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે પર્યુષણના ઉપલક્ષમાં જિનાલયમાં પરમાત્માની અંગરચના કરવામાં આવે છે તથા વિવિધ તપસ્યાઓ કરવામાં આવે છે. આ નાના બાળકો પણ ત્રણ દિવસી માંડીને ૫, ૮, ૧૧, ૧૬ કે ૩૦ ઉપવાસની આરાધના ઉલ્લાસપૂર્વક કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરના સે-૨૨માં શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા પર્યુષણ મહાપર્વ નિમિત્તે સે-૨૨ના જૈન દેરાસર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેનો શહેરના જૈન શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં લાભ લઈ રહયા છે.

બ્રહ્માકુમારીઝની પૂર્વ મુખ્ય પ્રશાસિકા પ્રકાશમણીજીને ૧૫મી પુણ્યતિથિએ શ્રધાંજલિ

ગાંધીનગર, તા.૨૫

હજજારો મહિલાઓને પોતાની દિવ્ય શક્તિઓથી શસક્ત બનાવવા આજીવન કાર્યરત રહેલ દાદી પ્રકાશમણિજીએ ૧૪૩ દેશોના ભાઈબહેનોને પણ નૈતિક મુલ્યોના શિક્ષણથી આધ્યાત્મિક સેવાઓમાં કાર્યરત કરવામાં આવ્યા હતા. માત્ર ૧૪ વર્ષની નાની ઉંમરે જ આધ્યાત્મિક રંગે રંગાઈને શિવપિતાના આદેશથી પોતાનું સમગ્ર જીવન બ્રહ્માકુમારીઝના ઋદ્ર જ્ઞાન યજ્ઞમાં સમર્પિત કરી ૫,૦૦૦ થી વધુ યુવા-મહિલાઓને આધ્યાત્મિક શિક્ષક તરીકે તૈયાર કરવામાં તેમણે પ્રમુખ ભૂમિકા ભજવી હતી. આંતરરાષ્ટ્રિય યુવા વર્ષમાં યુવા ઉત્સવો, યુવા પદયાત્રાઓ, આંતરરાષ્ટ્રિય મહિલા વર્ષમાં મહિલા જાગરણ અભિયાન અને સંમેલનો તેમજ આંતરરાષ્ટ્રિય સાક્ષરતા વર્ષમાં અનેક સાક્ષરતા અભિયાનોનું સફળ નેતૃત્વ કર્યું હતું. માતૃસ્વરૂપ અને સર્વમાં આદરણીય દાદીજીનો જન્મ સને ૧૯૨૨માં અવિભાજીત ભારતના સિંધપ્રાન્તના હૈદરાબાદ ખાતે થયો હતો. મધુર દાદીજીનો દેહાંત તા.૨૫ ઓગસ્ટ-૨૦૦૭ના રોજ થયો અને સ્વર્ગીય પવિત્ર સૃષ્ટિના નિર્માણ માટે તેમની દિવ્યાઆત્માએ અવ્યક્ત યાત્રા તરફ પ્રયાણ કર્યું હતું . ગાંધીનગરમાં સેકટર.૨૮ ખાતે આવેલ બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર ખાતે પણ ૧૫મા સ્મૃતિ દિવસ પ્રસંગે પ્રકાશપુંજ દાદીજીની આત્માને વિશેષ ભોગ અર્પણ કરવામાં આવ્યા હતા.

એસ.કે.પટેલ કેજી ઈંગ્લીસ મીડીયમ સ્કુલમાં જન્માષ્ટમીની ઉજવણી

ગાંધીનગર, તા.૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ કેજી.ઈંગ્લીસ મીડીયમ સ્કુલમાં જન્માષ્ટમી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના ભુલકાંઓએ પર્વને અનુરુપ કૃષ્ણ અને રાધાની વેશભુષા ધારણ કરીને ગોવિંદા બનીને મટકી ફોડવાનો પણ આનંદ લીધો હતો.

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી ખાતે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીમાં એન્ટર ટ્યુનરશીપ ડેવેલોપમેન્ટ પ્રોગ્રામ યોજાયો હતો. જેના અંતર્ગત ૧૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સેમિનારના મુખ્ય વ્યકતા નિતિનભાઈ રાવલે YDPA તરફથી થતી સહાય અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓને મળતી સહાયમાં ટેકનિકલ આસિસ્ટન્ટ, બેંક લોન, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ ઈન્સ્ટ્રૂમેન્ટ ખરીદી, રૉ-મટીરિયલ, GMP પ્લાન્ટ, WHO પ્લાન્ટને લગતી બધી યોજનાઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતાં.

આ પ્રોગ્રામને અંતે સંસ્થાના પ્રિન્સિપાલ અને કૉ-ઓડીનેટરે તેમનો આભાર પ્રગટ કર્યા હતો.

કિરણ બેદી પૂર્વ આઈપીએસ અને ગર્વનરનુ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના કાર્યક્રમમા ઈન્દોર ખાતે ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી એડવોકેટ તથા વર્ષા ત્રિવેદી સ્વાગત કરતા નજરે પડે છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ભાઈચંદભાઈ રાજનભાઈ પટ્ટણી ઉ.વ.૭૩, સેકટર૧૩
- સ્વ.ઠાકોર મધુબેન સરદારજી ઉ.વ.૫૪, માણેકપુર, માણસા

● રૂદ્રભૂમિ ●

- સ્વ.ભટ્ટ કિરીટકુમાર ડાહયાલાલભાઈ ઉ.વ.૬૨, અડાલજ
- સ્વ.નાયક હેપી મૌલિક ઉ.વ.૪૦, સેકટર-૨
- સ્વ.રાબડીયા પરસોત્તમભાઈ જીવરાજભાઈ ઉ.વ.૯૨, અડાલજ
- સ્વ.રાઠોડ ભલીબેન ગફુરજી ઉ.વ.૮૩, સરગાસણ